# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 14-04-2026** **EVENING: 7.50 TO 8.00 PM**
**Day : TUESDAY** **National News**

******************************************************

1) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ કહ્યું, A.I. સાથે આગળ વધતી ટૅક્નોલૉજી સાથે રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી જેવી સંસ્થાઓની કુશળ કાર્યબળ પૂરું પાડવાની જવાબદારી વધે છે.
2) રાષ્ટ્રપતિએ કહ્યું, વંચિત વર્ગના બાળકોને ગુણવત્તાયુક્ત શિક્ષણ પૂરું પાડવું એ આપણી સામૂહિક જવાબદારી.
3) દેશભરમાં પેટ્રોલ, ડીઝલ અને LPGનો પૂરતો ભંડાર ઉપલબ્ધ – પેટ્રોલિયમ અને પ્રાકૃતિક ગેસ મંત્રાલયનું આશ્વાસન.
4) બિહારના નાયબ મુખ્યમંત્રી સમ્રાટ ચૌધરી આવતીકાલે રાજ્યના નવા મુખ્યમંત્રી તરીકે શપથ લેશે
5) IPL ક્રિકેટમાં ચેન્નઈ સુપર કિંગ્સ અને કોલકાતા નાઈટ રાઈડર્સ વચ્ચે મુકાબલો.

.............................................................

# PREZ RRU CONVOCATION

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ ભારતની પ્રગતિ અને વિકાસ માટે આંતરિક સુરક્ષાને મહત્વપૂર્ણ ગણાવતાં બદલાતા સુરક્ષા પરિપેક્ષ્યમાં કુશળ માનવ સંશાધનના નિર્માણ પર ભાર મૂક્યો. ગુજરાતના ગાંધીનગરમાં રાષ્ટ્રીય

રક્ષા યુનિવર્સિટી R.R.U.ના પાંચ-મા પદવીદાન સમારોહને સંબોધતાં રાષ્ટ્રપતિએ કહ્યું, જેમ જેમ ટૅક્નોલૉજી કૃત્રિમ બુદ્ધિમત્તા – A.I. સાથે આગળ વધે છે, તેમ તેમ R.R.U. જેવી સંસ્થાઓની કુશળ કાર્યબળ પ્રદાન કરવાની જવાબદારી વધે છે. તેમણે સુરક્ષા ક્ષેત્રમાં R.R.U.ની ભૂમિકાને પણ બિરદાવી હતી.

રાષ્ટ્રપતિએ નક્સલવાદ સામે નિર્ણાયક સફળતા બદલ CRPF સહિત સુરક્ષા દળોને અભિનંદન પણ આપ્યાં. સમારોહમાં રાષ્ટ્રપતિ મુર્મૂનાં હસ્તે ભારતના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલને રાષ્ટ્રની વ્યૂહાત્મક સુરક્ષામાં તેમના મહત્વપૂર્ણ અને નોંધપાત્ર યોગદાન બદલ માનદ ડૉક્ટરેટની પદવી એનાયત કરવામાં આવી.

કાર્યક્રમ દરમિયાન, નવ પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને સુવર્ણ ચંદ્રક અને કુલ 562 સ્નાતકોને પદવી એનાયત કરવામાં આવી.

.

## GUJARAT PRESIDENT

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ જાતિ અને સંપ્રદાયના અવરોધથી ઉપર ઉઠીને રાષ્ટ્રીય સર્વાંગી વિકાસ સુનિશ્ચિત કરવા રાષ્ટ્રીય એકતાનું આહ્વાન કર્યું. ગુજરાતના ગાંધીનગરમાં લોકભવન ખાતે આજે 'સામાજિક સમરસતા

મહોત્સવ'ને સંબોધતાં રાષ્ટ્રપતિશ્રીએ ભારતરત્ન બાબાસાહેબ ડૉક્ટર ભીમરાવ આંબેડકરને તેમની જન્મજયંતી નિમિત્તે શ્રદ્ધાંજલિ અર્પણ કરી. આ પ્રસંગે સુશ્રી મુર્મૂએ સુમેળભર્યા ભારતનો માર્ગ સુમેળભર્યા ગામડાઓથી શરૂ થવા પર ભાર આપ્યો.

રાષ્ટ્રપતિએ ગામડાઓને રાષ્ટ્રનો આત્મા ગણાવતાં કહ્યું, વંચિત વર્ગના બાળકોને ગુણવત્તાયુક્ત શિક્ષણ પૂરું પાડવું એ આપણી સામૂહિક જવાબદારી છે. ભારતની સાંસ્કૃતિક એકતાના મૂળ કરૂણામાં રહેલા છે અને સમાવેશી વિકાસ માટે સામાજિક સુમેળ જરૂરી હોવાનું પણ સુશ્રી મુર્મૂએ વધુમાં જણાવ્યું.

## GOVT LPG

સરકારે જણાવ્યું, વૈશ્વિક અનિશ્ચિતતાઓ વચ્ચે દેશમાં ઘરેલું LPG, PNG અને CNGનો 100 ટકા પૂરવઠો સુનિશ્ચિત કરવામાં આવી રહ્યો છે. પેટ્રોલિયમ અને પ્રાકૃતિક ગેસ મંત્રાલયે દેશભરમાં પેટ્રોલ, ડિઝલ અને LPGનો પૂરતો ભંડાર છે અને કોઈ પણ LPG વિતરક કેન્દ્ર પર પૂરવઠાની અછતના કોઈ અહેવાલ ન હોવાનું આશ્વાસન આપ્યું છે.

મંત્રાલયે જણાવ્યું, ઑનલાઈન LPG બૂકિંગમાં 98 ટકા વધારો થયો છે. માર્ચથી અત્યાર સુધી ચાર લાખથી વધુ PNG કનેક્શન શરૂ કરાયા છે અને અંદાજે ચાર લાખ 88 હજાર નવા કનેક્શન માટે નોંધણી થઈ છે.

બંદર, જહાજ અને જળમાર્ગ મંત્રાલયે જણાવ્યું, સમગ્ર દેશમાં બંદરોનું સંચાલન સામાન્ય છે.

વિદેશ મંત્રાલયે જણાવ્યું, પશ્ચિમ એશિયામાં સ્થિત ભારતીય દૂતાવાસ હાઈ અલર્ટ પર છે અને 24 કલાક હેલ્પલાઈન સેવાઓના માધ્યમથી નાગરિકોને મદદ કરવામાં આવી રહી છે. અસરગ્રસ્ત ક્ષેત્રમાંથી અત્યાર સુધી 95 લાખ ભારતીય સ્વદેશ પરત આવ્યા છે.

વિદેશ મંત્રાલયે વધુમાં જણાવ્યું, વિદેશ મંત્રી ડૉક્ટર એસ. જયશંકરે કુવેત, ઈઝરાયેલ, સિંગાપોર અને ઑસ્ટ્રેલિયાના વિદેશ મંત્રીઓ સાથે ક્ષેત્રીય ઘટનાક્રમની સમીક્ષા કરી અને ભારતીય નાગરિકોની સુરક્ષા સુનિશ્ચિત કરવા અંગે પણ ચર્ચા કરી.

## PM MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આ મહિનાની 26-મી તારીખે આકાશવાણી પરથી પ્રસારિત થનારા “મન કી બાત” કાર્યક્રમમાં દેશ-વિદેશના લોકો સમક્ષ પોતાના વિચાર રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની આ 133-મી કડી હશે.

આ કાર્યક્રમ માટે લોકો પોતાના વિચાર અને મંતવ્ય ટૉલ-ફ્રી નંબર 1800-11-7800 પર તેમજ નરેન્દ્ર મોદી ઍપ અથવા માય GOV ઑપન ફૉરમના માધ્યમથી પણ ઑનલાઈન મોકલી શકે છે. શ્રોતાઓ 1922 પર

મિસ્ડ કૉલ કરીને સીધા જ પ્રધાનમંત્રીને પોતાના મંતવ્ય મોકલી શકે છે. મંતવ્ય મોકલવાની છેલ્લી તારીખ 24 એપ્રિલ રહેશે.

## AMBEDKAR JAYANTI OVERALL

સમગ્ર રાષ્ટ્ર આજે ભારતરત્ન બાબાસાહેબ ડૉક્ટર ભીમરાવ આંબેડકરને તેમની જન્મજયંતી નિમિત્તે શ્રદ્ધાંજલિ આપી રહ્યો છે.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ ગુજરાતના ગાંધીનગરમાં લોકભવન ખાતે બાબાસાહેબ ડૉક્ટર બી. આર. આંબેડકરની જયંતી નિમિત્તે તેમને શ્રદ્ધાંજલિ આપી. જ્યારે ઉપરાષ્ટ્રપતિ સી. પી. રાધાકૃષ્ણન, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલા, રાજ્યસભામાં વિરોધ પક્ષના નેતા મલ્લિકાર્જૂન ખડગે સહિત અન્ય કેન્દ્રીય મંત્રીઓ અને સાંસદોએ પણ સંસદ પરિસરમાં પ્રેરણા સ્થળ ખાતે શ્રી આંબેડકરને શ્રદ્ધાંજલિ અર્પણ કરી.

ભારતના ન્યાયમૂર્તિ સૂર્ય કાન્ત અને સર્વોચ્ચ અદાલતના અન્ય ન્યાયાધીશોએ સર્વોચ્ચ અદાલતના પરિસરમાં બાબાસાહેબ આંબેડકરની જયંતી નિમિત્તે તેમને શ્રદ્ધાંજલિ આપી. માધ્યમોને સંબોધતા ન્યાયમૂર્તિ સૂર્ય કાન્તે કહ્યું, શ્રી આંબેડકરે દેશને એક વ્યાપક બંધારણ આપ્યું, જેનો ઉદ્દેશ દરેક નાગરિકના અધિકારોનું રક્ષણ કરવાનો હતો.

તો, ઉપરાષ્ટ્રપતિ સી. પી. રાધાકૃષ્ણને નવી દિલ્હીમાં બીજા આંબેડકર સ્મૃતિ વ્યાખ્યાનને સંબોધતા કહ્યું, શ્રી આંબેડકરે તમામ

નાગરિકો માટે સમાવેશી, સમાન અધિકારની બાંહેધરી અને સાંસ્કૃતિક તથા શૈક્ષણિક સ્વતંત્રતાની સુરક્ષા સ્થાપિત કરવાનો પ્રયાસ કર્યો.

## NEW BIHAR NEW CM

બિહારના નાયબ મુખ્યમંત્રી અને તારાપુરના ધારાસભ્ય સમ્રાટ ચૌધરી આવતીકાલે રાજ્યના નવા મુખ્યમંત્રી તરીકે શપથ લેશે. પટનાના લોકભવનમાં સવારે 11 વાગ્યે શપથગ્રહણ સમારોહ યોજાશે. તેઓ રાજ્યમાં ટોચનું પદ સંભાળનારા પહેલા ભાજપના નેતા હશે.

લોકભવનમાં આજે રાજ્યપાલ લેફ્ટનન્ટ જનરલ (નિવૃત્ત) સૈયદ અતા હસનૈનને મળીને શ્રી ચૌધરીએ સરકાર બનાવવાનો દાવો રજૂ કર્યો. રાષ્ટ્રીય લોકતાંત્રિક ગઠબંધન - NDA વિધાનસભા પક્ષની બેઠક દરમિયાન તેમને સર્વાનુમતે નેતા તરીકે પસંદ કરાયા.

તાજેતરમાં રાજ્યસભામાં ચૂંટાયા બાદ જનતા દળ યુનાઈટેડના પ્રમુખ નીતિશ કુમારે બિહારના મુખ્યમંત્રી પદેથી રાજીનામું આપ્યા બાદ આ ઘટનાક્રમ સામે આવ્યો છે. આ પરિવર્તન અંગે બોલતા, વિદાયમાન મુખ્યમંત્રી નીતિશ કુમારે કહ્યું હતું કે, નવા વહીવટને તેમનું માર્ગદર્શન અને સમર્થન મળતું રહેશે.

# IPL T20 TODA MATCH

ઇન્ડિયન પ્રીમિયર લીગ – I.P.L. ટી-20 ક્રિકેટમાં આજે ચેન્નઈ સુપર કિંગ્સ અને કોલકાતા નાઈટ રાઈડર્સ વચ્ચે મુકાબલો થઈ રહ્યો છે. ચેન્નઈના M.A ચિદમ્બરમ્ સ્ટેડિયમમાં રમાતી મેચમાં અજિંક્ય રહાણેની આગેવાની હેઠળની કોલકાતાની ટીમે ટોસ જીતીને બોલિંગ કરી છે.

હાલમાં મળતાં અહેવાલ મુજબ, ઋતુરાજ ગાયકવાડની આગેવાની હેઠળની ચેન્નઈની ટીમે __5.3______ ઑવરમાં ____એક _____ વિકેટ ગુમાવી _____72____ રન કર્યાં છે.

પૉઈન્ટ ટેબલમાં હાલ ચેન્નઈની ટીમ નવ-મા અને કોલકાતાની ટીમ દસમા ક્રમાંક પર છે.

# CG EXPLOSION

છત્તીસગઢના સાકતી જિલ્લામાં વેદાન્તા વિદ્યુત પ્લાન્ટમાં બોયલરમાં વિસ્ફોટ થતા ઓછામાં ઓછા નવ શ્રમિકના મોત થયાના અહેવાલ છે. જ્યારે 40થી વધુ શ્રમિક ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે. તો, આઠ શ્રમિકની હાલત ગંભીર હોવાનું જણાયું છે. આ પ્લાન્ટ ડાભરા ઘટકના સિંઘન તરાઈ ગામમાં આવેલો છે.

# MODI WB WORKERS

પશ્ચિમ બંગાળમાં વિધાનસભા ચૂંટણી માટે પૂરજોશમાં પ્રચાર ચાલી રહ્યો છે. વિવિધ રાજકીય પક્ષોના ટોચના નેતાઓ મતદારોને આકર્ષવા જાહેર સભાઓ અને રેલીઓને સંબોધિત કરી રહ્યા છે.

ભાજપના વરિષ્ઠ નેતા અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે નમો ઍપના માધ્યમથી “મેરા બૂથ સબ સે મજબૂત સંવાદ” કાર્યક્રમ અંતર્ગત પશ્ચિમ બંગાળના પાર્ટી કાર્યકર્તાઓસાથે સંવાદ કર્યો. શ્રી મોદીએ કહ્યું, ભાજપના ઘોષણાપત્રને રાજ્યના લોકો તરફથી પ્રશંસા મળી રહી છે.

શ્રી મોદીએ રાજ્યમાં તૃણમૂલ કોંગ્રેસના શાસનના કથિત ગેરવહીવટને અસરકારક રીતે ઉજાગર કરવા બદલ પાર્ટીના કાર્યકર્તાઓની પ્રશંસા કરી હતી.

# WB POLITICAL CAMPAIGNING

ભાજપના વરિષ્ઠ નેતા અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે દક્ષિણ દિનાજપુર જિલ્લામાં ચૂંટણી સભાને સંબોધી. તેમણે ભાજપની સરકાર આવ્યા બાદ રાજકીય હિંસા અને સિન્ડિકેટ રાજનો અંત લાવવા અને પશ્ચિમ બંગાળમાંથી ઘૂસણખોરોને બહાર કાઢવાનું વચન આપ્યું.

**તો, રાયગંજ અને માલદામાં ચૂંટણી સભાને સંબોધતા કોંગ્રેસના વરિષ્ઠ નેતા રાહુલ ગાંધીએ તૃણમૂલ કોંગ્રેસ સરકારની ટીકા કરતા જણાવ્યું, તેઓ યુવાનોને રોજગારી આપવાના વચનને પૂર્ણ નથી કરી રહ્યા.**

**તૃણમૂલ કોંગ્રેસનાં વડાં અને પશ્ચિમ બંગાળનાં મુખ્યમંત્રી મમતા બેનરજીએ હાવડા, પશ્ચિમ મેદિનીપુર અને પૂર્વ મેદિનીપુર જિલ્લામાં ચૂંટણી સભાઓ સંબોધી. તેમણે ભાજપ પર પશ્ચિમ બંગાળમાં માન્ય મતદારોના નામ કાપવા ચૂંટણી પંચનો ઉપયોગ કરવાનો આક્ષેપ લગાવ્યો હતો.**

## MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.